જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૧/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૧૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૬	૧	૧૧૭૨૭	૧૭૮૩૬	૧	૧૭૮૩૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૦	૧૨૧	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૯૯૦	૩૨	૭૪૦૨૨	૭૫૦૬૯	૨૮	૭૫૦૯૭
કુલ		૯૦૫૭૦	૩૩	૯૦૬૦૩	૯૯૫૮૪	૨૯	૯૯૬૧૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૪૮	૪,૦૮,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬૨	૩,૬૨,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

જ્વેલર્સની દુકાનમાંથી નજર ચુકવી ચોરી કરી લઇ ગયેલ “ચાંદીની પાયલ” સાથે એક બહેનને સી.સી.ટી.વી ફુટેજની મદદથી પકડી પાડતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન નાઓએ બનેલા મિલકત સબંધી/ લુંટના બનાવ સબંધે આવા બનાવો બને નહી તેમજ આવા બનાવો બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના “પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા” નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્ક્વોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.પ્રદિપકુમાર રામાભાઈ તથા પો.કો.પ્રવિણભાઈ વાઘાભાઈ નાઓએ સંયુકત બાતમી હક્કિત આપેલ કે નરોડા પો.સ્ટે.પાર્ટ-એ- ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૧૨૦૬૦/૨૦૨૧ ઇ.પી.કો.કલમ- ૩૮૦ મુજબના કામની આરોપણ બાઈ પુનમ ઉર્ફ પુર્ણીમાં રંગવાણી જેણે શરીરે લાલ,સફેદ,કાળા કલરની ડિઝાઈનવાળુ ગાઉન પહેરેલ છે અને અગાઉ પણ નરોડા પોલીસ સ્ટેશનમાં આવા પ્રકારની ચોરીમાં પકડાયેલ છે તે બહેન સંતોષીનગર કુબેરનગર તરફથી આવી અત્રે થઈ આગળ જનાર છે. જે હક્કિત આધારે આરોપણ બહેન નામે પુનમબેન ઉર્ફ પુર્ણીમાબેન વા/ઓ કમલેશભાઇ ઉર્ફ રાજા થાવરભાઇ રંગવાણી ઉ.વ.૫૬ ધંધો- ઘરકામ રહે મ.નં એ/૧ સોમનાથફલેટ સુતરના કારખાના પાસે સરદારનગર નરોડા અમદાવાદ શહેર હાલ રહે ઈ/૭૮/૧૦૨ સ્વામિનારાયણ ફલેટ હરીદર્શન ચાર રસ્તા નવા નરોડા અમદાવાદ શહેરનાને નરોડા બેઠક પાસેથી ઉપરોક્ત ગુનાના કામે ચોરી કરી લઇ ગયેલ ચાંદીની પાયલ જેનુ વજન કરાવતા ૨૮૧ ગ્રામ વજન થયેલ જેની કિ.રૂ ૧૧૮૦૦/- થાય તે પકડાયેલ આરોપણ બહેન પાસેથી મુદ્દામાલ રીકવર કરી તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા.૧૯/૧૧/૨૦૨૧.

આરોપી

પુનમબેન ઉર્ફ પુર્ણીમાબેન વા/ઓ કમલેશભાઈ થાવરભાઈ રંગવાણી (સિંધી) ઉ.વ ૫૬ રહે મ.નં એ/૧ સોમનાથફલેટ સુતરના કારખાના પાસે સરદારનગર નરોડા અમદાવાદ શહેર હાલ રહે ઈ/૭૮/૧૦૨ સ્વામિનારાયણ ફલેટ હરીદર્શન ચાર રસ્તા નવા નરોડા અમદાવાદ શહેર

આરોપીનો ગુનાહીત ઇતિહાસ

સદર આરોપી અગાઉ રાજસ્થાનમાં તથા મહારાષ્ટ્ર માં જ્વેલર્સની દુકાનોમાં નજર ચુકવી અલગ અલગ ચાર ગુનામાં પકડાયેલ છે

તથા વેજલપુર તથા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં જ્વેલર્સની દુકાનમાં નજર ચુકવી ચોરીના એક ગુનામાં પકડાયેલ છે

મુદ્દામાલ- ચાંદીની પાયલ જેનુ વજન કરાવતા ૨૮૧ ગ્રામ વજન થયેલ જેની કિ.રૂ ૧૧૮૦૦/- થાય તે

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્કવોડ પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા પો.કો. રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.દિલીપકુમાર ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા પો.કો. પંકેશકુમાર ધનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૦૪૬ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા પો.કો..મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૪૯૩૪ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.રાજપાલસિંહ કોદરસિંહ બ.નં.૧૦૧૪૫ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫ તથા વુ.એલ.આર દિશાબેન કવાભાઈ બ.નં ૧૩૭૯૬

સી.સી.ટી.વી. ફુટેજ





અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

"અપહરણના ગુનાના આરોપી તથા ભોગબનનારને બાલાસિનોર(મહિસાગર) ખાતેથી પકડી પાડતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પો.કમીશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ નાઓએ અપહરણ થયેલ બાળકોને તથા ગુમ થયેલ વ્યક્તીઓને શોધી કાઢવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ નાઓને સાથેના સ્ટાફના માણસો તપાસમાં હતા દરમ્યાન સાથેના પો.કો વિષ્ણુભાઇ હીરાભાઇ તથા પો.કો.મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ નાઓને ખાનગી હકિકત મળેલ કે "નરોડા પો.સ્ટે. પાર્ટ એ-૧૧૧૯૧૦૩૫૨૧૧૯૬૦/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), તથા પોક્સો એકટ ૨૦૧૨ ની કલમ ૩(એ), ૪, ૫(એલ), ૬" મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે ગુનાના કામે ફરીશ્રીની દિકરી ઉ.વ.૧૬.૭ નાનીને આરોપી નામે રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજ રાધુસિંહ ઠાકોર (સોલંકી) ઉ.વ. ૨૪ રહે, ગામ વજેપુરા તા.બાલાસિનોર જી.મહીસાગર નાનો તા.૦૭/૧૦/૨૦૨૧ ના ફરીયાદીના ઘરેથી અપહરણ કરી લઇ ગયેલ જે હાલમાં બાલાસિનોર ખાતે હાજર છે જે હકિકત આધારે આરોપી તથા ભોગબનનાર ને બાલાસિનોર ખાતે જઇ પકડી લાવી ઉપરોક્ત ગુનાના કામે આરોપીને તા.૧૯/૧૧/૨૦૨૧ ના રોજ અટક કરી ભોગ બનનાર ને તેના માતા-પિતાને પરત સોપી સારી કામગીરી કરેલ છે. તા.૧૯/૧૧/૨૦૨૧.

આરોપીનુ નામ-

રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજ રાધુસિંહ ઠાકોર (સોલંકી) ઉ.વ. ૨૪ રહે, ગામ વજેપુરા તા.બાલાસિનોર જી.મહીસાગર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે.સ્કવોડ પો.સબ.ઇન્સ.એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો. રણજીતસિંહ પ્રતાપસિંહ બ.નં.૪૯૯૦ તથા પો.કો.દિલીપકુમાર ભરતભાઇ બ.નં.૫૯૬૪ તથા પો.કો. પંકેશકુમાર ધનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો.પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૦૪૬ તથા પો.કો.પ્રવિણભાઇ વાઘાભાઇ બ.નં.૬૮૬૩ તથા પો.કો.ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૪૯૨૭ તથા પો.કો..મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં.૪૯૩૪ તથા એલ.આર.વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨ તથા એલ.આર.રાજપાલસિંહ કોદરસિંહ બ.નં.૧૦૧૪૫ તથા એલ.આર.અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫.

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

આજરોજ તા.૨૦/૧૧/૨૦૨૧ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન CRPC કલમ-૭૦ મુજબના કામના નાસતા ફરતા એમ.સી.આર/હિસ્ટ્રીસીટર માથાભારે આરોપીને ગુન્હાના કામે વાપરેલ મુદ્દામાલ સાથે પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે પ્રોહીબીશન ની બંદી સદંતર નેસ્ત નાબુક કરવા સારૂ સખતમાં સખત પેટ્રોલિંગ રાખી પ્રોહી લિસ્ટેડ/અનલિસ્ટેડ બુટલેગરો ઉપર સરત રેઇડો કરવા તેમજ HS MCR નાસતા-ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ પો.સબ.ઇન્સ કે.ડી.પટેલ તથા સાથેના સ્ટાફના માણસો ગઇકાલ તા.૧૯/૧૧/૨૧ ના રોજ ક.૨૩/૦૦ વાગ્યાથી પો.સ્ટે વિસ્તાર સધન પેટ્રોલિંગ ફરી પાશ્વનાથ કેનાલ ખાતે આવતા સાથેના સ્ટાફની ખાનગી બાતમી હકિકત આધારે " **CRPC કલમ-૭૦ મુજબના કામના નાસતા ફરતા એમ.સી.આર/હિસ્ટ્રીસીટર** માથાભારે આરોપી **ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમો અભેસિંહ બારડ** કે જે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના મારા-મારી ના બે ગુન્હાઓમાં તેમજ નિકોલ પો.સ્ટે.ના એક ગુન્હામાં નાસ્તો ફરે છે અને હાલ તે કૃષ્ણનગર પાશ્વનાથ ખાતે તેના રહેણાંક મકાને આવેલ છે તેવી બાતમી હકિકત આધારે સદરી આરોપીને રાતના પકડી પાડી **કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ-એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૧૦૭૮/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧)** મુજબના ગુન્હાના કામે તા.૨૦/૧૧/૨૦૨૧ ના ક.૦૧/૧૫ વાગે **કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર,નં-૧૧૧૯૧૦૧૩૨ ૧૧૩૪૦/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ-૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧)** મુજબના કામે ક.૧૧/૦૦ વાગે અટક કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી નિકોલ પો.સ્ટે.ખાતે વર્ધી લખાવી સારી કામગીરી કરેલ છે તા.૨૦/૧૧/૨૦૨૧

આરોપીનુ નામ :-

ધર્મેંદ્રસિંહ ઉર્ફે ધમો સ/ઓ અભેયસિંહ જવાનસિંહ જાતે-બારડ ઉ.વ-૩૦ (જન્મ તા-૧૯/૦૪/૧૯૯૧) ધંધો-મજુરી રહે-મ.નં-ઇ/૩૩૭,વિભાગ-૨ પાશ્વનાથ ટાઉન શિપ ગણપતિ મંદિરની બાજુમાં બાપાસિતારામ ચોક નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર મુળ વતન-ગામ-વલાસણા તા-વડનગર જીલ્લો-મહેસાણા

આરોપી ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમો અભેસિંહ બારડનો પુર્વ ઇતીયાસ:-

આરોપી ધોરણ-૧૨ પાસ છે અને સને ૨૦૧૧ થી આજદિન સુધી નરોડા પો.સ્ટે તથા કૃષ્ણનગર પો.સ્ટે માં ત્રીસથી પણ વધારે મારા-મારી,લુંટ,ધાક-ધમકી,હાફ મર્ડર,પ્રોહીબીશન ના અસંખ્ય ગુન્હાઓમાં પકડાયેલ છે અને તેને એકવાર તડીપાર કરતા તડીપાર ભંગ બદલ તેના ઉપર જી.પી.એકટ ૧૪૨ મુજબનો કેશ પણ કરવામાં આવેલ છે અને તે ત્રણ થી ચાર વાર પાસા પણ કાપી ચુકેલ છે અને અત્રેના પો.સ્ટે.નો હિસ્ટ્રીસીટર છે જેના પર અવાર-નવાર અટકાયતી પગલા પણ લેવામાં આવેલ છે અને મારી મારીના ગુન્હાઓમાં તેના ઉપર તા.૨૮/૦૨/૨૦૨૦ ના રોજ ફાયરીંગ પણ થઇ ચુકેલ છે અને પ્રોહીબીશન ના જથ્થા સાથે પણ પકડાયેલ છે અને હાલ ઉપરોકત મારા મારીના ગુન્હાઓમાં વોન્ટેડ હોય તેમા પકડાયેલ છે

મુદ્દામાલ- ગુન્હાના કામે વાપરેલ મુદ્દામાલ રિકવર કરેલ છે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી કે.ડી.પટેલ તથા સાથેના સ્ટાફના માણસો અ.હેડ.કોન્સ ધિરજકુમાર મંગળદાસ બ.નં-૩૩૧૫ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા અ.પો.કોન્સ સતીષકુમાર બરમનભાઇ બ.નં-૪૫૮૧ તથા બીજા સ્ટાફ ના માણસો



પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મિલકત સંબંધી તથા શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં ચોરી તથા મારામારી ગુનામાં પકડાયેલ આરોપી નામે અભય સ/ઓ ગુડુસિંગ હીરાસિંગ જાતે યાદવ ઉ.વ.૨૨ રહે. પુષ્પાનગર ગલી નં.૧૦, ભગવતી સ્કુલ પાસે, ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૧૩૯/૨૧ ઈ.પી.કો. કલમ ૩૮૦, ૫૧૧ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧૦૮૬૦/૨૧ ઈ.પી.કો. કલમ ૩૩૭, ૨૯૪(ખ), મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧૧૨૨૧/૨૧ ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૪૫/૨૦૨૧ તા.૧૯/૧૧/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૧૯/૧૧/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૯/૧૧/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) હે.કો નવનીતકુમાર હસમુખલાલ બ.નં.૯૮૨૬

(૩) પો.કો. દિનેશભાઈ જેઠાભાઈ બ.નં.૧૧૭૯૬

(૪) પો.કો. ભરતસિંહ ભુપતસિંહ બ.નં.૮૫૨૮

(૫) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૧૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૫૪ લીટર દેશી દારૂ અને ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૬૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૧૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૧૧૪/૨૦૨૧**

નારણપુરાઃ નિમિષ લક્ષ્મીદાસ છીછીયા (રહે. ઉદય ફ્લેટ સંસ્કાર ભારતી સોસાયટી જી.એસ.સી. બેંકની બાજુમાં નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોનાની બંગડી, સોનાની વીંટી, સોનાની ડાયમંડ જડીત વીંટી અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

નશીલી વસ્તુ ખવડાવી ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૧૧૫/૨૦૨૧**

રાણીપઃ જયંતીભાઇ મુલચંદભાઇ સુઠવાલ (ઉ.વ.૫૫) (રહે. મનમોહન એપાર્ટમેન્ટ કેશવનગર રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૧/૨૦૨૧ રાતના ૧૧/૪૫ થી તા.૧૮/૧૧/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન રાજકોટ ગ્રીન લેંડ ચોકડી થી રાણીપ કેશવનગર વોટર સ્ટેશન મહેશ્વરી એપાર્ટમેંટ સામે સુધીની મુસાફરી દરમ્યાન ટ્રાવેલ્સની મુસાફરી દરમ્યાન અજાણ્યા પુરૂષે જયંતીભાઈ સુઠવાલને વેફર્સ તથા બિસ્કિટમાં નશીલી વસ્તુ ભેળવી ખવડાવી બેભાન કરી જયંતીભાઈના ખિસ્સામાંથી મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.ગોહેલ ચલાવે છે.

અપમૃત્યુ:- **સમાચાર યાદી નં.૨૧૧૬/૨૦૨૧**

વટવા જી.આઈ.ડી.સી: અબ્દુલહુશેન અહેમદહુશેન પઠાણ (ઉ.વ.૪૨) (રહે. નવાપુરા જાફર રોડ યાકુબભાઇના કુવા પાસે, વટવા) તા.૧૬/૧૧/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફેઝ-૨ પ્લોટ નં-૪૫૯ શિવ કેર કેમીકલ કંપનીમાં મજુરી કામ કરતા હતા ત્યારે સીડીમાંથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૧/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૨૧૧૭/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટ: રાજુભાઇ ઈશ્વરલાલ સીંધી (ઉ.વ.૫૩) (રહે. આશ્રય-૧૦ એપાર્ટમેન્ટ ખોડિયાર માતાના મંદીરની બાજુમાં નવા રાણીપ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૨૦૨૧ કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા બાટા શો રૂમ પાછળ રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૬ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

શાહીબાગ: આરતી વા/ઓ મેહુલસિંહ વિહોલ (ઉ.વ.૨૧) (રહે. અખાડા વિભાગ નિલકંઠ મહાદેવની ચાલી, અસારવા) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના પિયરમાં ઘરે પતરાની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એફ" ડીવીઝન ચલાવે છે.

નિકોલ: વિશાલભાઇ અશોકભાઇ બારોટ (ઉ.વ.૩૦) (રહે. પુરૂષોતમનગર સોસાયટી વિભાગ-૪ સ્વામિનારાયણ મંદીર સામે વિરાટનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે હિંચકાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.